| | | |
|---|---|---|
| वर्ष : २० | सने : २०२३ | सं.२०७९ |
| अंक : ८ | સળંગ અંક-૧૨૯ | चैत्र-मार्च |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૩ સં.૨૦૭૯

અંક : ૮ ચૈત્ર-માર્ચ સળંગ અંક-૧૨૯

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ આત્માના દુશ્મનોની ઓળખ-૭ !!!

★ જ્ઞાન-જ્ઞાની-૪

★ હે પ્રભો ! તું દાતા, હું ગ્રાહક...

★ સુકૃતાનુમોદન


## આર્ષવાણી

**सर्वधर्मक्रियामूलं,**

**सर्वसौख्यैककारणम् ।**

**सर्वजीवाभयदानं,**

**सर्वदर्शनसंमतम् ।।**

સર્વ ધર્મની ક્રિયાઓનાં મૂળ સમાન અને તમામ સુખોના એક માત્ર કારણ સમાન; સર્વ જીવોને અભયદાન આપવાની વાત સર્વદર્શન (ધર્મો) ને સંમત છે.

મનથી પણ હિંસા કરનારો જીવ પોતે અનેકવાર હણાય છે, તે જ રીતે બીજાને દુઃખ આપનારો અનેકવાર દુઃખી થાય છે. - જૈનેતર ગ્રંથ



## ★ આત્માના દુશ્મનોની ઓળખ-૭ !!! ★★★

- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

પેટમાં પડેલા કૃમિ શરીરના બળને હણી નાખે છે. શરીરમાં આવેલો તાવ શરીરના બળ અને નૂર હરી લે છે પરંતુ એ કૃમિ અને તાવ ચાલ્યા ગયા પછી શરીરને યોગ્ય ખોરાક (ગુણકારી પદાર્થ) આપવામાં આવે તો શરીરના બળમાં અને કાંતિ-લાવણ્ય વગેરેમાં વધારો જોવા મળે છે. એવી જ ઘટના દોષ-દુશ્મનના ચાલ્યા ગયા પછી અને મિત્રના - ગુણના આવ્યા પછી આત્મામાં જોવા મળે છે. અર્થાત્ મિથ્યાત્વ નામના દોષ-દુશ્મનનો સફાયો કર્યાબાદ અને સમ્યક્ત્વ નામના ગુણના આગમન બાદ આત્માના આરોગ્યમાં વધારો થાય છે. આત્માનું હીર-નૂર વૃદ્ધિ પામે છે. આત્મા નિખરે છે. આત્માનું સૌંદર્ય ખીલે છે. કદરૂપા શરીરથી મુક્તિ નથી અટકતી, શરીરનું રૂપ-સૌંદર્ય ગમે તેટલું સારું હોય પણ આત્મા કદરૂપો હોય તો મુક્તિ અટકી જાય છે. એટલું જ નહીં, દુર્ગતિના દરવાજા ખૂલી જાય છે. જીવ પર યાતનાઓનો મૂશળધાર વરસાદ વરસે છે ! એક દુશ્મન માત્ર એક તરફથી હુમલો કરે, એક જ પ્રકારનું નુકશાન કરે એવું નથી. ચારે બાજુથી ઘેરો ઘાલીને અનેક પ્રકારનાં નુકશાન પહોંચાડે છે, અનેક પ્રકારની દર્દનાક પીડાઓનાં ધાડેધાડાં ઉતારે છે ! જીવને બચવાનો કોઈ અવકાશ જ રહેતો નથી, ભાગવા માટે ક્યાંય જગ્યા જ મળતી નથી. એ દુશ્મન સાથે લડવાની શસ્ત્રાદિ સામગ્રી પણ પોતાની પાસે હોતી નથી. તે જ રીતે આત્માના દુશ્મનની વાત પણ વિચારવાની છે. એક દુશ્મન એક જ કર્મ બંધાવે એવું નથી. અનેક પ્રકારનાં કર્મો-પાપોનું ઉપાર્જન એક જ દુશ્મન કરાવી શકે છે; પછી તે તમામ પાપકર્મો ચારે બાજુથી ઘેરો ઘાલી હુમલા કરે છે. જીવને બચવાની કોઈ જગ્યા જ રહેતી નથી. ગમે તેટલા આક્રંદ કરે, ચીસો પાડે... બચાવવા માટે વિનંતિ કરે... તે પાપ-કર્મો તેને છોડતાં નથી. આવું તો એક ભવમાં જ નહીં, સંખ્ય-અસંખ્ય જન્મોસુધી ચાલ્યા જ કરે છે. ધર્મમિત્રની સહાય મળે તો જ એનો બચાવ શક્ય બને છે.

અજ્ઞાનતાના યોગે જીવ અથડાયા જ કરે છે. જ્ઞાન-સમ્યગ્જ્ઞાન ન હોવાના કારણે કોઈ વસ્તુને કે વાતને સાચા સ્વરૂપમાં સમજી શકતો નથી. વિપરીત સ્વરૂપમાં સમજવાના યોગે પરિણામ પણ વિપરીત જ આવે છે. અજ્ઞાની જીવ વસ્તુ સ્વરૂપને સમજી શકતો નથી, તો મિથ્યાત્વના પ્રભાવે તે સત્યને તે જ સ્વરૂપે સ્વીકારી શકતો નથી. આનો અર્થ એ થયો કે સત્યને સમજવા ન દેવામાં અજ્ઞાનતા (જ્ઞાનાવરણીયકર્મનો ઉદય) કામ કરે છે તો સત્યને સ્વીકારવા ન દેવામાં મિથ્યાત્વ

(દર્શન મોહનીયકર્મનો ઉદય) કામ કરે છે, જ્યારે સત્ય વસ્તુના સ્વીકાર પછી આચરણમાં ન આવવા દેનાર ચારિત્રમોહનીય કર્મ જવાબદાર ગણાય છે. આત્મ-વિકાસમાં - ઉન્નતિમાં આવા ઘણા દુશ્મનો વિઘ્નરૂપ બને છે. દુશ્મનોથી ડરનારો ક્યારેય આગળ વધી શકતો નથી. દુશ્મનોનો સામનો કરનારો - તેને હરાવી-હંફાવી વિજયી બનનારો જ જીવ આગળ (મોક્ષ તરફ) પ્રગતિ કરી શકે છે. દુશ્મનોને હરાવવા માટે શસ્ત્રોની, સૈનિકોની અને સત્ત્વની જરૂર પડે છે. ખાલી હાથે જીવ લડી શકતો નથી. શાસ્ત્રોમાં આ યુદ્ધમાં વિજય મેળવવાની કળા શીખવવામાં આવી છે. તેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે. શાસ્ત્રનું માર્ગદર્શન લેવા માટે માર્ગદર્શક તરીકે ગીતાર્થ ગુરુભગવંત; એ અનુભવી સેનાપતિની જગ્યાએ છે. કયા સમયે કઈ વ્યૂહરચનાથી શત્રુનો સામનો કરવો? કયા વ્યૂહથી કઈ રીતે એ શત્રુને નિષ્ફળ બનાવવો ? દુશ્મનના દાંત કઈ રીતે ખાટા કરવા ? વગેરે અનુભવ એ ગીતાર્થ ગુરુભગવંતોરૂપ સેનાપતિ પાસે હોય છે. માટે જ ગુરુતત્ત્વનું  મહત્ત્વ સામાન્ય નથી. ડગલે ને પગલે ગુરુની જરૂરિયાત જણાય છે. તેથી જ તો ગીતાર્થ ગુરુનો હાથ પકડવાનો છે. તમામ મૂંઝવણોમાં માર્ગદર્શન તેઓ આપે છે. કટોકટીમાંથી તેઓ સહેલાઈથી ઉગારી શકે છે. કરુણા - પરોપકાર - ક્ષમા વગેરેથી ભરેલા ગુરુભગવંતો જ જીવને યોગ્ય અને સાચી સલાહ આપે છે.

**(ક્રમશઃ)** ધ

## ★ જ્ઞાન-જ્ઞાની-૪ ★★★

**- શ્રીધર્મમિત્ર**

જ્ઞાનાષ્ટકની ત્રીજી ગાથાના આધારે અનુપ્રેક્ષા કરીએ. અનુપ્રેક્ષા કરવાથી પદાર્થનો તાગ પામવાના માર્ગે પ્રગતિ થાય છે. અનુપ્રેક્ષા વલોણાં જેવું કાર્ય કરે છે. જેમ છાશનું વલોણું કરવાથી માખણ મળે છે, તેમ જ્ઞાનની અનુપ્રેક્ષા કરવાથી જ્ઞાનનું નવનીત (સાર-રહસ્ય) મળે છે. જ્ઞાનનો રસાસ્વાદ તેના નવનીતમાં છે. એ નવનીતનો આસ્વાદ મેળવવાનું કાર્ય સારો એવો પુરુષાર્થ માંગે છે.

જે જ્ઞાન વિભાવદશા તરફ એટલે કે પૌદ્ગલિક - ભૌતિકભાવો તરફ જીવને ખેંચી જાય તે જ્ઞાન નથી, અજ્ઞાન છે  અથવા મિથ્યાજ્ઞાન છે. એવા જ્ઞાનની અધ્યાત્મના માર્ગમાં કોઈ કિંમત અંકાતી નથી. એટલું જ નહીં, એવું જ્ઞાન તો ભવભ્રમણ તથા દુઃખ અને દુર્ગતિમાં વધારો કરનારું થાય છે.

જે જ્ઞાન જીવને સ્વભાવ તરફ ખેંચે અર્થાત્ સ્વાભાવના લાભનું કારણ બને તે જ જ્ઞાન અધ્યાત્મના પથમાં યોગ્ય છે. આવા જ્ઞાનથી આત્માનો વિકાસ થાય



છે. **જૈનશાસ્ત્રો આત્માર્થી જીવો માટે ઉપયોગી છે, પુદ્ગલ-પરસ્ત જીવો માટે નહીં.** પુદ્ગલનો રાગ તો આગતુલ્ય હોવાથી તે જીવને ક્ષણે ક્ષણે બાળે છે. ભૌતિક આકર્ષણ જીવને અનાદિ કાળથી છે. તેનો આટલો લાંબા કાળનો સંબંધ હોવાથી અને આ પદાર્થોનું આકર્ષણ મારા આત્મા માટે દુશ્મન તુલ્ય છે, એવું જ્ઞાન ન હોવાના યોગે જીવ તેના તરફ જ આકર્ષિત હોય છે. તેને મેળવવા - ભોગવવા અને સાચવવામાં જ જીવનની સાર્થકતા માનતો હોય છે.

**પાંચે ઇન્દ્રિયો ભૌતિક પદાર્થ સ્વરૂપ વિષયોથી પુષ્ટ થાય છે. મન એમાં સાથ આપે છે. એ છએ ભેગા થઈને જીવને લલચાવે છે. ઘેરી લે છે. વિષયાંધ, મોહાંધ બનાવે છે.** એ દાવ-પેચ અને છલ-કપટમાં જીવ ફસાઈ જાય છે. એ જીવના જ્ઞાનચક્ષુ ઉપર પાટા બાંધવાના કારણે જીવ અજ્ઞાનાંધ બની જાય છે. જીવ ઉપર જડ એવી ઇન્દ્રિયો અને મનની સત્તા - હકુમત ચાલે છે. આ સત્તા માલિક ગણાતા જીવને ગુલામ બનાવી દે છે ! **જીવ ઉપર જડની સત્તા એક વિચિત્ર ઘટના છે.** અલબત્ત, આ પરિસ્થિતનો નિર્માતા જીવ પોતે જ છે. તો એમાંથી છૂટવા માટે જીવનો જ પુરુષાર્થ કામ આવે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોનું નિર્માણ એક જીવ કરે ને વાપરવાનું કાર્ય અન્ય જીવ કરે, એ સંભવિત છે; પરંતુ અધ્યાત્મના માર્ગમાં તો જે પુરુષાર્થ કરે તેને જ એનો આનંદ લૂંટવા મળે છે. કોઈની કમાણી કોઈ વાપરી શકતું નથી.

આત્મસ્વભાવની પ્રાપ્તિનું કારણ બને તે જ જ્ઞાન અહીં ઈષ્ટ - ગ્રાહ્ય છે, એ વાત ઉપાધ્યાજી મ. જણાવે છે :

**स्वभावलाभ-संस्कार-कारणं ज्ञानमिष्यते ।**

**ध्यान्ध्यमात्रमतस्त्वन्यत्, तथा चोक्तं महात्मना ।।३।।**

**ભાવાર્થ :** જેના દ્વારા આત્મસ્વભાવની પ્રાપ્તિ થાય એવા સંસ્કારનું કારણ બને તે જ્ઞાન ઈષ્ટ - માન્ય છે. તે સિવાયનું જ્ઞાન માત્ર બુદ્ધિનો અંધાપો છે. આ વાત મહાત્મા પતંજલિએ કરી છે. (પતંજલિ ઋષિને યોગદષ્ટિની અપેક્ષાએ મહાત્મા શબ્દથી સંબોધ્યા છે.)

પતંજલિએ 'પાતંજલ યોગ દર્શન' નામના ગ્રંથની રચના કરી છે, જે લગભગ જૈન યોગગ્રંથની સામ્યતા ધરાવે છે. જૈન શૈલીને અનુરૂપ છે. માત્ર ક્યાંક-ક્યાંક તેઓની નાની ભૂલો હતી, તેને પૂ.હરિભદ્રસૂરિજી મહારાજે શાબ્દિક સુધારા દ્વારા પરિષ્કૃત કરેલ છે. જેમ કે - પતંજલિએ યોગની વ્યાખ્યા કરતાં લખ્યું કે - 'ચિત્તવૃત્તિ - નિરોધો યોગઃ ।' આ વ્યાખ્યા તો ૧૩ મા ગુણસ્થાનકે જ ઘટી શકે. યોગનો

પ્રારંભ તો પ્રથમ ગુણસ્થાનથી પણ થઈ શકે. શ્રીહરિભદ્ર સૂરીશ્વરજી મહારાજે પરિષ્કાર કરી શાસનને માન્ય એવી વ્યાખ્યા બનાવતાં કહ્યું: 'સંક્લિષ્ટ ચિત્તવૃત્તિ-નિરોધો યોગઃ' મનને-ચિત્તને સંક્લેશ રહિત બનાવવું તે યોગ છે. મતલબ, ચિત્તની વૃત્તિને યોગ રૂપ બનાવવા માટે ચિત્તમાંથી સંક્લેશને દૂર કરવાનો છે. ચિત્તમાં સંક્લેશ પેદા થતાં જ ચિત્ત ક્ષોભ પામે છે. ચિત્ત ડામાડોળ બની જાય છે. આ સંક્લેશભાવ યોગને ડહોળી નાંખે છે. યોગને દૂષિત બનાવી દે છે. ચિત્ત અસ્થિર બનતાં જ જીવનું મોક્ષ સાથેનું જોડાણ તૂટે છે.

વાસ્તવિક 'યોગ' કોને કહેવાય? 'મુક્ખેણ જોયણાઓ જોગુ ત્તિ' આ વ્યાખ્યા પ્રમાણે જે મોક્ષની સાથે આત્માને જોડે... એવો સર્વ ધર્મવ્યાપાર એ યોગ છે, એમ યોગશતક, યોગદષ્ટિ સમુચ્ચય વગેરે યોગ ગ્રંથોમાં જણાવ્યું છે.

સંક્લેશભાવ એ ક્રોધાદિ કષાયોનું (મોહનીયકર્મનું) સ્વરૂપ છે. આ કાષાયિકભાવ જીવને ધર્મ અને ધર્મના ભાવોથી દૂર કરી દે છે ! કષાયો ઉગ્ર બનતાં એટલે કે કાષાયિકભાવોનો સમય અને માત્રા વધી જતાં જીવ ગુણસ્થાકમાંય પતન પામે છે. ઉપશમશ્રેણિ માંડીને અગિયારમે ગુણઠાણેથી જીવને નીચે પાડવામાં આ કષાયોદય જ કારણ ગણાય છે. ત્યાં દબાવી રાખેલા કષાયો પોતાનું માથું ઊંચકે છે ને જીવ જોત-જોતામાં તો, સાત મે, છઠ્ઠે, પાંચ મે, ચોથે કે પહેલે ગુણસ્થાને ગબડી જાય છે! ચઢવામાં કદાચ તેને વર્ષો પણ લાગ્યાં હોય... પડવામાં, નીચે ઊતરવામાં થોડી જ ક્ષણો જવાબદાર ગણાય છે.

દોષને દૂર કરવામાં અને ગુણના અર્જનમાં સખત પુરુષાર્થ અને લાંબો સમય લાગે છે પરંતુ દોષોને માથું ઊંચકતાં અને ગુણોને દૂર કરવામાં ઝાઝો સમય લાગતો નથી. હા, એ માટે જ ગુણો મેળવવાની જેમ ટકાવવા માટેય ખૂબ જ સાવધાની રાખવાની વાત શાસ્ત્રોમાં ઠેર-ઠેર કરી છે. એટલું જ નહીં, સાવધાની માટે શું શું કરવું અને શું ન કરવું... વગેરે માર્ગદર્શન પણ પૂરું પાડ્યું છે. માત્ર દીવાદાંડી બતાવીને અટકી ગયા નથી.

અપેક્ષાએ કહીએ તો સંસારમાં સગાં માતા-પિતાએ જેટલી ચિંતા નથી કરી તેનાથી અનેક ગણી (શરીર વગેરેની નહીં, આત્માની) ચિંતા શ્રીતીર્થંકરભગવંતો અને ગુરુભગવંતોએ કરી છે ! આ વાતના પુરાવા જૈન આગમ - પંચાંગી તથા એને અનુસરતાં સેંકડો - હજારો ગ્રંથોમાં આજેય મળે છે. જેમ સીડી પર (મોક્ષના પવિત્ર પથ પર) ચઢવાનું માર્ગદર્શન આપ્યું છે, તેમ પતનથી બચવાનું પણ પૂરું માર્ગદર્શન શાસ્ત્રકાર ભગવંતોએ આપીને અનુપમ ઉપકાર કર્યો છે.



રસોઈ બનાવવાની, ખાવા-પીવાની, ચાલવા-ચઢવા-ઊતરવાની... તમામ ક્રિયાઓની જેમ ધર્મની પણ તમામ ક્રિયાઓમાં સાવધાની ખૂબ જ જરૂરી ગણાય છે. પર્વતારોહણ કરનાર પર્વતારોહકથી પણ વધારે સાવધાની ધર્મ કરવામાં રાખવાની છે. એ ધર્મ દેશવિરતિ - સર્વવિરતિરૂપ હોય કે જ્ઞાનાર્જન વગેરેની સાધનારૂપ હોય... થોડીય બેસાવધાની જીવને પતનનું કારણ બની જાય છે. એકવાર પતન થયા પછી પુનરુત્થાન ક્યારે થાય તે કહેવું દુષ્કર હોય છે. માટે જ કર્મગ્રંથ તથા આગમોમાં જણાવ્યું કે -**'સમ્યગ્દર્શનથી પડેલા જીવોય અનંતા છે....'**

જ્ઞાનરૂપ આરોગ્યમાં વિક્ષેપ ઊભો કરનાર અહંકાર, પ્રમાદ (મદ્ય, પાંચ ઈન્દ્રિયોના વિષયોની આસક્તિ, ક્રોધાદિ ચાર કષાયો, છ કલાકથી વધારે ઊંઘ અને ભોજનાદિ સંબંધી ચાર વિકથાઓ), મોટાઈ, પારકી પંચાત, પૌદ્ગલિક રાગ, કદાગ્રહ, અજ્ઞાનતા, મિથ્યાત્વ, પાપનિયાણાં, આહારાદિ ચાર સંજ્ઞાઓ, દુર્ધ્યાન, અશુભ લેશ્યા, અપાત્રતા વગેરે રોગો છે. રોગ હોય ત્યાં આરોગ્ય ક્યાંથી આવે ? આવી બીમારી પણ જ્ઞાનાર્જન - જ્ઞાનવૃદ્ધિ અને તેના સંરક્ષણમાં બાધક છે. સ્વભાવથી વિભાવ તરફ લઈ જનાર છે.

આ શ્લોકમાં સ્વભાવદશાની પ્રાપ્તિ નહીં, પ્રાપ્તિના સંસ્કારના કારણ તરીકે જ્ઞાનને વર્ણવ્યું છે. સ્વભાવદશાની પ્રાપ્તિનો ખરો પ્રારંભ તો ક્ષપકશ્રેણિ માંડે ત્યારે થાય છે. સ્વભાવદશા તરફ લઈ જવાના સંસ્કારનો પ્રારંભ ખાસ કરીને ચોથા ગુણસ્થાનકથી ગણી શકાય. સમ્યગ્દર્શન આવ્યા બાદ સ્વભાવદશાનું લક્ષ્ય બંધાય છે. સ્વભાવદશાને પ્રાપ્ત કરવા માટેની માનસિક યાત્રાનો પ્રારંભ થાય છે. આ માનસયાત્રા જ આગળ વધતાં વાચિક અને કાયિક પુરુષાર્થમાં પરિણામે છે.

સ્વભાવ-વિભાવનું પૃથક્કરણ સમકિત આવ્યા પછી જ થાય છે. હેય - ઉપાદેયના વિભાગમાં તે વહેંચાય છે. મિથ્યાત્વના ચાલ્યા જવાથી વિભાવ દશાનો તથા ભૌતિક પદાર્થોનો આસક્તિભાવ રવાના થાય છે. ત્યારબાદ સ્વભાવદશા તરફનો પ્રશસ્ત રાગ ઊભો થાય છે. ભૌતિક સુખ કે સુખનાં ગણાતાં સાધનો તરફનો રાગ અપ્રશસ્ત ગણાય છે. અપ્રશસ્ત રાગ સ્વ-પરનું અહિત કરે છે. જ્યારે પ્રશસ્ત રાગ સ્વ - પરના કલ્યાણનું કારણ બને છે.

અહીં સ્વભાવદશાના સંસ્કારનું કારણ ન બને તેવા જ્ઞાનને બુદ્ધિનો અંધાપો ગણાવ્યો છે. આંખના અંધાપા કરતાં આ બુદ્ધિનો અંધાપો ખૂબ મોટું નુકશાન કરાવે છે. આંખથી આંધળો પોતાને અંધ માનવા હંમેશા તૈયાર હોય છે પરંતુ બુદ્ધિના અંધત્વવાળો જીવ 'હું અંધ છું' એવું સ્વીકારવા તૈયાર થતો નથી. હા, કદાચ એ

બુદ્ધિથી અંધ બનેલો જીવ પણ જ્યાં-ત્યાં ભટક્યા જ કરતો હોય છે. બુદ્ધિનો અંધાપો (અજ્ઞાનતા) તો જરૂર પડે સંખ્ય - અસંખ્ય કે અનંત ભવ સુધી પણ રહી શકે છે. આંખનો અંધાપો તો તે જ ભવમાં પણ મટી શકે છે !

**આંખના અંધાપાનું કારણ દર્શનાવરણીયકર્મ છે, જ્યારે બુદ્ધિના અંધાપામાં મિથ્યાત્વ અને જ્ઞાનાવરણીયકર્મ જવાબદાર ગણાય છે. એક વાર બાંધેલા દર્શનાવરણીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોટા કોટી સાગરોપમની છે, જ્યારે મિથ્યાત્વ મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડા કોડી સાગરોપમની છે. આના પરથી બંને અંધાપા વચ્ચેનું અંતર ખ્યાલમાં આવી જશે.** એક બાહ્ય અંધાપો છે, બીજો અંદરનો અંધાપો છે. બહારના અંધાપાને ઓળખવો થોડો સહેલો છે. અંદરનો અંધાપો ઓળખવો ખૂબ કઠિન કહેવાય છે. **બાહ્ય અંધાપાનું એ આંધળા માણસને દુ:ખ હોય છે. પરંતુ બદ્ધિના અંધાપાવાળાને તેની પીડા હોતી નથી.**

બુદ્ધિના અંધાપામાં મિથ્યાત્વ હોવાથી તેને સુધારવો મુશ્કેલ બને છે. મિથ્યાત્વના યોગે તેની બુદ્ધિમાં વિપર્યાસ જોવા મળે છે. કેવલિભગવંતનાં વચનો પર તેને શ્રદ્ધા હોતી નથી. આવી પરિસ્થિતિમાં સાચી વાતને સમજવા કે સ્વીકારવા જ જો તૈયાર ન થતો હોય તો સુધારો ક્યાંથી થવાનો ? 'યન્માધવેન ઉક્તં તન્ન' જેવી તેની માનસિક સ્થિતિ હોય છે. મિથ્યાત્વનો હ્રાસ થયા વગર આમાં સુધારો થવાની સંભાવના હોતી નથી. કમ સે કમ મિથ્યાત્વની મંદતા થાય તો થોડી વાત તેના ગળે ઊતરે. સત્યથી નીતરતાં અને અણીશુદ્ધ એવાં સર્વજ્ઞનાં વચનો ત્રિકાળા-બાધ્ય હોવા છતાં મિથ્યાત્વની મલિનતા(અંધત્વ)ના કારણે તેની બુદ્ધિ વિપરીત જ ચાલે છે. તેથી તેને પણ ખોટાં-અસત્ય માનવા જીવ તૈયાર થઈ જાય છે! કરુણાથી પરિપ્લાવિત ચિત્તવાળા દેવ-ગુરુભગવંતો પણ તેને દુશ્મન લાગે છે.

દર્શનમોહનીયકર્મરૂપ મિથ્યાત્વની સાથે ચારિત્રમોહનીયકર્મ રૂપ કષાયો પણ અપ્રશસ્ત હોવાના કારણે વર્તનમાં પણ ઊથલ-પાથલ જોવા મળે છે. ક્યાંક દ્રવ્ય ક્રિયા અનુકૂળ હોવા છતાં મિથ્યાત્વની મલિનતા તે ક્રિયાને દૂષિત બનાવી દે છે. વ્યવહારથી ચારિત્ર પાળતા એ જીવો નિશ્ચયથી તો પહેલા ગુણઠાણે જ હોય છે. દુન્યવી ભૌતિક સુખોની પાછળ ચક્કાચૌંધ બનેલા એ જીવો વ્યવહારથી નિર્મળચારિત્રના પાલન દ્વારા દેવલોકાદિની પ્રાપ્તિ પણ કરી લે છે... પરંતુ તે પછીની સ્થિતિ તેની ખૂબ જ બદતર - વેદનાઓથી ભરેલી હોય છે. મતલબ, તેનું ભાવિ અંધકારમય બને છે. પતંગિયાને જેમ દીવાની જ્યોત ગમી જાય છે. તેના કલરો આકર્ષણ પેદા કરે છે, તેમ અભવ્યાદિ જીવોને નાશવંતાં, પાપનાં જ કારણરૂપ,



દુ:ખોને નિમંત્રણ આપનારાં ભૌતિક સુખો આકર્ષણ પેદા કરે છે. આગળ જતાં પતંગિયું જેમ દીવાની જ્યોતથી જ બળીને ખાખ થઈ જાય છે, તેમ આ મિથ્યાત્વાસિત જીવ બિચારો દુ:ખ અને ક્લેશરૂપ સ્થિતિનો શિકાર બને છે.

મિથ્યાત્વી જીવને ક્ષણિક સુખોનો રાગ હોય છે, જ્યારે જ્ઞાની ભગવંતો તે સુખની પાછળ રહેલી ઘોર યાતનામય સ્થિતિથી વાકેફ બન્યા હોવાના કારણે ભૌતિક સુખોથી વિરાગી અને આત્મિક સુખ(આનંદ)ના રાગી હોય છે. **ભૌતિક સુખો (ઇન્દ્રિયના વિષયો) પ્રત્યે વિરાગ આવ્યા વગર જીવને અધ્યાત્મનો આનંદ ક્યારેય પ્રાપ્ત ન થઈ શકે!**

વૈષયિક સુખોની પાછળ સમય વિતાવનારો માત્ર પોતાના જીવનને જ નહીં, પોતાના જીવને (જીવના ગુણોને) પણ બરબાદ કરે છે. **ખાવા-પીવાદિની ક્રિયા સમકિતી અને મિથ્યાત્વી : બંનેની સમાન દેખાતી હોવા છતાં બંને જીવોનાં કર્મબંધમાં, રસબંધ અને સ્થિતિબંધમાં મોટો ફરક પડે છે. જડ પદાર્થોનો રાગ અને જીવો પરનો દ્વેષ:બંને પાપબંધનાં કારણો ગણાય છે. જડ પ્રત્યે વિરાગ અને જીવ માત્ર પ્રત્યે મૈત્રીનો ભાવ આત્મોન્નતિનું કારણ બને છે.**

જીવોને પોતાના સ્વભાવ તરફ લઈ જવા માટે વિભાવદશાનો પરિચય જરૂરી ગણાય છે. સ્વભાવ-વિભાવનું જ્ઞાન જ ન હોય તો હેય - ઉપાદેયનો વિવેક કઈ રીતે પેદા થાય ? વિવેક વગર માર્ગસ્થ પુરુષાર્થ સંભવિત નથી. જ્ઞાન વિના વિવેકદૃષ્ટિ ખૂલતી નથી.

સ્વભાવના લાભના સંસ્કારની વાત મૂકવાથી એવું લાગે છે કે - અનાદિ કાળથી ચાલ્યા આવતા વિભાવને સ્વભાવ માનવાના સંસ્કાર પહેલાં નષ્ટ થવા જોઈએ. **અનાદિ કાલીન કુસંસ્કારોની બાદબાકી કર્યા વગર; વિભાવથી દૂર થવા અને સ્વભાવની પ્રાપ્તિ માટે સુસંકારોનું નિર્માણ ક્યાંથી થાય ? સંસ્કારનો સીધો મતલબ છે : ચિત્તમાં તેની ઊંડી અસર** ! સંસારના અનંતકાળથી ચાલતા પરિભ્રમણ દરમ્યાન વિભાવદશાને સ્વભાવ દશા માની લેવાના કુસંસ્કાર જીવમાં દૃઢ થયેલા છે. જામ થઈને રહેલા હોય છે. તેને કાઢવા માટે સમ્યગ્જ્ઞાન સાથેનો અથાગ પુરુષાર્થ જરૂરી બને છે.

અનંતજ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. જ્યારે જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી થયેલી અજ્ઞાનતાદિ અવસ્થા એ વિભાવ છે અથવા વિકૃતસ્વરૂપ છે. આ રીતે મુખ્ય આઠે ગુણ (૮ કર્મના ક્ષયથી ઉત્પન્ન થનારા) માટે સમજી લેવું. કર્મનાં આવારણો - વાદળોથી આત્મગુણો ઢંકાવાના કારણે આવી વિકૃતિનું નિર્માણ થાય

છે. આ વિકૃતિ અનાદિથી ચાલી આવવાના કારણે જીવને એ સમજ નથી કે - આ મારી વિભાવ-વિકૃતદશા છે. વિકૃતિને પ્રકૃતિ સમજવી એ પણ એક મોટી અજ્ઞાનતા જ છે. આવી અજ્ઞાનતાનો નાશ કરી, સ્વભાવદશાની દિશામાં આગળ વધવા માટેના સંસ્કાર પ્રાપ્ત કરી પ્રગતિ સાધો; એ જ મંગલકામના.

(ક્રમશઃ) ધ

## ★ હે પ્રભો ! તું દાતા, હું ગ્રાહક... ★★★

**- ભક્તિમિત્ર**

હે દાતા ! તું તો ઉદાર બનીને આપવા જ બેઠો છે. તેં જગતને શું શું આપ્યું ? આની યાદી બનાવવી પણ મારા માટે અઘરી છે ! તેં દાન આપવામાં જગતના કોઈ જીવને બાકી નથી રાખ્યા. અઢળક સંપત્તિવાળાને પણ તેં આપ્યું છે ને દરિદ્રનેય તેં આપ્યું છે. માત્ર તેં 'વરસીદાન' જ આપ્યું છે, એવું નથી. તે દાન તો સીમિત જગ્યાએ જ પહોંચ્યું છે. હા, તેમાં માનવો જ હતા. ભલે એમાં વિદ્યાધર માનવોય હતા. **છ અતિશયમાં ઈન્દ્રો અને દેવોએ પણ પોતાનાં કર્તવ્યો કર્યાં છે.** દૂર-દૂરથી માનવોને લઈ આવવામાં અને પાછા પોતાનાં સ્થાને પહોંચાડવામાં ભવનપતિના ઈન્દ્રો અને વાણવ્યંતર - વ્યંતર નિકાયના ઈન્દ્રોએ પોતાનો જિતાચાર બજાવ્યો, સૌધર્મેન્દ્ર ભગવાનના બે હાથ પર બેસી જતા, જેના કારણે પ્રભુ! આપને થાક ન લાગે. (અલબત્ત, ભગવાન અતુલબલી હોવા છતાં પોતાના આચાર માટે ઈન્દ્ર કાર્ય કરતા હતા.) ઈશાનેન્દ્ર આપના છડીદાર બનીને સેવા બજાવતા હતા.

ભવનપતિના મુખ્ય બે ઈન્દ્રોઃ ચમરેન્દ્ર અને બલીન્દ્ર... તેઓ પોતાના જિતાચાર પ્રમાણે લેનારના ભાગ્યથી ભગવાનના હાથમાં વધારે હોય તો ચમરેન્દ્ર ઓછું કરતો. જ્યારે ઓછું હોય તો બલીન્દ્ર વધારીને જરૂર અને ભાગ્ય પ્રમાણે બનાવી દેતો, ભવનપતિની બાકી નવ નિકાયના દેવેન્દ્રો, જે ૧૮ હોય છે, તેઓ ભરતક્ષેત્રના દાન લેવાના ઇચ્છુક જીવોને ભગવાન પાસે લઈ આવે છે. તે જ રીતે વ્યંતર - વાણવ્યંતર ઈન્દ્રો, જે ૩૨ની સંખ્યામાં છે, તેઓ તે દાન લઈ ચૂકેલા જીવોને પોત-પોતાનાં ગામ-ધામમાં પહોંચાડી દે છે. મતલબ, હે પ્રભો ! તારું દાન માત્ર ક્ષત્રિયકુંડ વગેરે નગરો પૂરતું સીમિત નહોતું !

જ્યોતિષના બે ઈન્દ્રો વિદ્યાધર માનવોને દાન લેવા માટેની જાણકારી આપવાનું કાર્ય કરે છે. આવા છ - છ અતિશયો પ્રભુ ! આપના વરસીદાનના ગણાવ્યા છે. **આ વર્ષીદાનમાં અપાતા સિક્કા પર પ્રભુ, આપના તથા આપનાં માતા-પિતાનાં નામો અંકિત થયેલાં હોય છે.** આપ એક દિવસમાં ૧ ક્રોડ આઠ લાખ



સોનૈયાનું દાન કરો છો ! **એક સોનૈયો ૮૦ રતિનો હોય છે. ૪૦ શેરનો એક મણ એવાં ૯૦૦૦ મણ સોનાનું આપ પ્રતિદિન દાન કરો છો.** તેથી વરસના ટોટલ ૩૮૮ ક્રોડ ૮૦ લાખ સોનૈયાનું દાન કરો છો.

આ વાત થઈ ધનની. ભગવાન! તેં માત્ર ધનનું જ દાન નથી કર્યું... જેના હાથમાં તારા હાથનું દાન ગયું... તેને તેં 'ભવ્ય' પણે નિશ્ચિત કરી દીધો. અર્થાત્ તેને મોક્ષનો 'વિઝા' આપી દીધો ! તેં તો જગતનું દારિદ્રય દૂર કરીને મહાદાનીનું બિરુદ ધારણ કરી લીધું !

હે જગત - જવાહિર ! તારું દાન માત્ર ભૌતિક સુખ - સમૃદ્ધિરૂપે જ નહીં, અધ્યાત્મ જગતમાંય ઓછું નથી. માટે જ તો ધનાદિનું દાન ન લેનારા (દાન માટે ધન પૂરું પાડનારા, નિધાનો વગેરેને ભગવાનના મહેલમાં પહોંચાડનારા) તે સૌધર્મ-ઈન્દ્રે શક્રસ્તવની સ્તવનામાં કયાં વિશેષણો વાપર્યાં ? અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં,બોહિદયાણં, ધમ્મદયાણં વગેરે શબ્દોદ્વારા કયાં કયાં દાનની વાત કરી ?

જગતમાં જ્યારે 'મત્સ્ય - ગલાગલ' ન્યાયે જીવો એક-બીજાના મારક ગણાય છે. તે જ જગતમાં હે નાથ ! તેં ચરાચર (ત્રસ-સ્થાવર) જગતના તમામ જીવોને અભયદાન આપ્યું ! દાનમાં સર્વશ્રેષ્ઠ દાન છે, અભયદાન-જીવિતદાન. પ્રાણ કોને વહાલા નથી હોતા ? જીવન જીવવાનું કોને નથી ગમતું ? જીવન જીવવા માટે જીવ ધનની કુરબાની કરવા તૈયાર થઈ જાય છે પરંતુ ધન માટે જીવન કુરબાન કરવા કોઈ તૈયાર નથી થતું. જીવન ન રહેતું હોય તો ધનના ઢગલાનેય શું કરવાના ?ધન માટે જીવન કુરબાન કરનારો તો મૂર્ખની પંક્તિમાં ગણાય. જીવ અને જીવન હોય; તો ગયેલું, ખર્ચાઈ ગયેલું ધન પરત મેળવી શકાય છે. માનવ ગમે તેટલું ધન ભેગું કરતો હોય, કરોડો - અબજોનો સંગ્રહ - સંચય કરતો હોય પરંતુ જીવન બચાવવાના સમયે સહેજ પણ વિચાર્યા વગર, ખચકાયા વગર તે ધનને વાપરી નાંખે છે. માત્ર જીવન બચાવવા જ નહીં, નામના-કીર્તિ-પ્રસિદ્ધિ માટે પણ ધન વાપરવાનું આવે તોય પાછીપાની કરતો નથી !

**હે પરમપથદર્શક !તું ધનદાતા નથી, ધર્મદાતા છે.** ધન વર્તમાન જન્મમાંય પુણ્યનો સાથ હોય ત્યાં સુધી જ કામ આવે છે. પરલોકમાં સાથે આવતું નથી. ધર્મ એવી મૂડી છે કે - પરલોકમાંય સાથ આપે છે ને સાથે આવે પણ છે. ધનના કારણે દુશ્મની, ઈર્ષ્યા, ક્રોધ - કલહ, ચોરી-લૂંટ, અગ્નિ-પાણી, રાજાનો (ઈન્કમટેક્ષ વગેરે વિભાગોનો), સુરક્ષાનો, દુર્ધ્યાનનો (રૌદ્રધ્યાન, જે નરકાયુના કારણ તરીકે ગણાય છે) ભોગ બનાવે છે. હા, ધર્મદાતા એવા ભગવાન ધર્મનું દાન કરે છે, તેના પ્રભાવે (ધર્મારાધનદ્વારા) ધન મળી જાય છે... એટલું જ નહીં... વિશુદ્ધધર્મના

પ્રભાવે મળનારું ધન; પુણ્યાનુબંધી પુણ્યના આધારે મળનારું હોવાથી તે ધન હાથમાં આવતાં નવું પુણ્ય બાંધવાના ભાવો જગાડે છે. પાપ કરવાથી દૂર રાખે છે. તેના યોગે જીવને દુર્ગતિનાં દુઃખો ભોગવવાનો કપરો કાળ આવતો નથી. દાનાદિ સુકૃતો કરવાના ભાવો ઉજાગર થાય છે. તે ભાવો જીવને ત્યાગના પંથે અથવા સદ્‌ગતિના માર્ગે લઈ જાય છે. દુર્ભાવના કે વાસનાના અધમપંથે લઈ જવારૂપ અનર્થોથી બચાવી લે છે ! **વાસના અંધકાર છે, ઉપાસના (ધર્મ) ઉજાશ છે.**

હે ચક્ષુદાયક! આંખ વગરના માનવને આંખ મળી જાય, દૃષ્ટિ ખૂલી જાય તો કેવો આનંદ થાય ? માનવને કાનથી ન સંભળાતું હોય તો તેની પીડા મોટી નથી લાગતી. જીભથી બોલાતું ન હોય તોય તેના મોટાભાગના વ્યવહાર યથાવત્ ચાલી શકે છે. વગર બોલે કેટલાંક કાર્યો આંખના ઈશારે થાય છે. મૂંગો માણસ હાથ વગેરેની ચેષ્ટાથી પણ ઘણાં કાર્યોનો સંકેત આપી શકે છે. પરંતુ આંખ વિના તો ઘણી તકલીફ ઊભી થાય છે. ચાલવા - લખવા - વાંચવા - જોવા - વસ્તુને ઓળખવા આદિ ઘણાં કાર્યોમાં મહત્ત્વનું કાર્ય આંખ જ કરે છે. જોયા વગર દશ્ય પદાર્થોનો આનંદ કઈ રીતે લઈ શકાય ? અરે ! ભૌતિક પદાર્થની દૃષ્ટિએ જ નહીં, અધ્યાત્મના ક્ષેત્રમાં પણ આંખની આવશ્યકતા ઘણી રહે છે. હે પ્રભો ! તને જોયા વગર ક્યાં આનંદની અનુભૂતિ કે ભાવોની ભરતી આવે છે ?

હે દેવાધિદેવ ! તેઈન્દ્રિય સુધીના જીવો આંખ ન હોવાના કારણે વારંવાર ગમે ત્યાં અથડાય છે, કૂટાય છે. યાતનાના શિકાર બને છે. અંધાપો પણ એક પ્રકારના દુઃખનું જ કારણ છે. **અંધાપો પણ એક નહીં, આઠ-આઠ પ્રકારનો શાસ્ત્રકારોએ ગણાવ્યો છે !** ૧.રતાંધળા (રાત્રિએ ન દેખી શકનારા) ૨. દિવસાંધ (દિવસે ન જોઈ શકનારા) ૩. જાત્યંધ (જન્મથી અંધ) ૪. માનાંધ (અભિમાનના યોગે વાસ્તવિકતાને ન ઓળખી શકનારા) ૫. માયાંધ (માયા-દંભાદિના યોગે અંધ જેવું વર્તન કરનારા) ૬. ક્રોધાંધ (ગુસ્સાના કારણે ભાત ભૂલેલા) ૭. કામાંધ (આંખ ને જ્ઞાન હોવા છતાં કામાસક્તિના કારણે અંધની જેમ ઉન્માર્ગે ચઢી જનાર) ૮. લોભાંધ (મળેલા માં સંતોષ ધારણ કરવાની જગ્યાએ વધારે મેળવવાની ઘેલછામાં રાચનાર)

હે ભગવાન ! ૧-૨-૩ નંબરના અંધજીવો તો સ્પષ્ટ છે. આંખું જગત તેને અંધ ગણે છે. પરંતુ ૪ થી ૮ નંબરના જીવો તે આંખ હોવા છતાં અંધની જેમ વર્તતા હોવાથી વધુ દયાપાત્ર છે. પહેલા ત્રણ પ્રકારના જીવો પર તો જગતના અજ્ઞાનજીવોય દયા કરે છે. તેના અપરાધને ક્ષંતવ્ય ગણે છે. પરંતુ પછીના આંધળા જીવો પર જ્ઞાનીઓને ભારોભાર દયા આવે છે. કારણ, **એ અંધત્વની પાછળ આંખ નહીં, અજ્ઞાનતા અને અવિવેક વિશેષ જવાબદાર ગણાય છે. આ અંધાપો મોહરાજા**



**તરફથી ભેટમાં મળે છે !** મોહાધીન જીવ એ દૃષ્ટિહીનતાને સમજી નથી શકતો. અનંતજ્ઞાની એવા આપનાં વચનો જ એમાંથી ઉગારી શકે. શાસ્ત્રનાં ટંકશાળી વચનો જ તેને અંધત્વમાંથી બહાર કાઢી શકે. કારણ, તે જીવો દિવસનો પ્રકાશ હોવા છતાં બુદ્ધિનો દાવો કરવા છતાં અને આંખ હોવા છતાં તે આંધળા જેવું વર્તન કરે છે, એમ જ્ઞાની ભગવંતોનું કહેવું છે.

હે નાથ ! આવા જીવોને તું જ આંખ આપી શકે. માટે જ શક્રસ્તવમાં 'ચક્ખુદયાણં' પદથી યથાર્થ સ્તવના કરી છે. તારી આપેલી દૃષ્ટિ જો ગ્રહણ કરે તો તે જીવ દુઃખોના ડુંગરો ઉલ્લંઘીને સુખના મહાસાગરમાં મ્હાલતો થઈ જાય; તેમાં કાંઈ આશ્ચર્ય નથી. એમાં શંકા કરવાને કોઈ અવકાશ નથી. મતલબ, તે સુખના વિશાળ આકાશનો આનંદ લૂંટનારો બની જાય છે. **સુખશીલતાના કારણે ચારિત્રનાં કષ્ટોને આગળ કરી ઘરે જવાના વિચારવાળા મેઘમુનિને તેં જ એવી દૃષ્ટિ આપી, એવી આંખ આપી, વિચારવા માટે એવો દૃષ્ટિકોણ આપ્યો કે તે મુનિવર મોહના અંધાપાથી બહાર નીકળી, ઘોર અભિગ્રહ ધારણ કરવા પૂર્વક મુનિજીવનની મસ્તી લૂંટતા થઈ ગયા !** દ્રવ્ય આંખ તો તે મુનિવર પાસે હતી જ, આપે ભાવચક્ષુ આપીને જગતને જ નહીં જાતને અને ગુણ - દોષને ઓળખવાની તથા અંદરના આનંદની અનુભૂતિ કરાવનાર તત્ત્વને ઓળખવાની નજર આપી. **બહારના સુખ-સાધનોથી ઊભી થતી કર્મની અને દુઃખોની વણથંભી વણઝારને ઓળખાવી દીધી. તેમના જીવનમાં જ્ઞાનદૃષ્ટિનો (અભ્યંતર ચક્ષુનો) ઉઘાડ થઈ ગયો.**

માનાંધથી લઈ લોભાંધતાએ જ જગતને ઉન્માર્ગે ચઢાવી દીધું છે ! આ પાંચ પ્રકારના અંધત્વને ઓળખવા માટે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની જ જરૂર છે. **પાંચ પ્રકારના અંધત્વના પાયા પર જ સંસાર ટકે છે ને વધે છે, એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ જણાતી નથી. આવાં અધત્વના પાયામાં મિથ્યાત્વ હોય છે**, એવું સ્પષ્ટ સમજાય છે. જ્ઞાનીને પણ આવા અંધાપા ભાન ભુલાવે છે. જ્ઞાન આવ્યાબાદ 'વિવેક' આવવો જોઈએ. **જો વિવેક ન આવે તો એ જ્ઞાનને 'દીવા નીચે અંધારા' જેવું જ ગણવું રહ્યું !** આવી સ્થિતિ વધારે કરુણાસ્પદ ગણાય. આવા જીવોને આખું જગત ભેગું થઈને પણ ન ઉગારી શકે ! જ્ઞાન અને વિવેક જ એને ઉગારવા માટે સક્ષમ બની શકે. હે કરુણાસાગર ! મને સમ્યગ્જ્ઞાન અને વિવેકનાં ચક્ષુ પ્રદાન કરો, જેના યોગે હું અંધ જગતમાંથી બહાર નીકળી તેને કાયમ માટે અલવિદા કરી શકું. જ્ઞાનના પ્રકાશમાં સાધના કરી સિદ્ધિ હાંસલ કરી શકું.

જ્યાં સુધી અંધાપો ઓળખાય જ નહીં, ત્યાં સુધી એ દોષને કાઢવાનો પુરુષાર્થ ક્યાંથી થઈ શકે ? દુશ્મનને જો ઓળખી જ ન શકીએ તો દુશ્મનને પણ મિત્ર માની

લેવાની ભૂલ પણ થઈ જ શકે છે. તે જ રીતે દોષને ન ઓળખનારો કદાચ તે દોષને જ ગુણ માનવાની મસમોટી ભૂલ કરી બેસે; એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. **પરિચય વગર પ્રણય કરી બેસનારાને પસ્તાવાનો અવસર આવે છે. હે કરુણાવતાર ! તું મને ગુણ - દોષને જોવાની દૃષ્ટિ આપ. ગુણ - દોષને ઓળખવા માટે સમ્યગ્જ્ઞાન આપ. ત્યારબાદ તેનું પૃથક્કરણ કરી દોષના ત્યાગ અને ગુણને મેળવવાનો વિવેક આપ.**

હે જગન્નાથ ! હું ઔદારિક, તેજસ અને કાર્મણઃ એમ ત્રણ શરીરને ધારણ કરું છું... ઔદારિક શરીર વ્યાધિઓ - રોગોથી ભરેલું છે. તેજસ શરીરમાં આવતી ખામીઓ; ક્યારેક ઔદારિક શરીરમાં ગરમી પેદા કરી દે છે, તો ક્યારેક ઠંડું પાડી દે છે. ક્યારેક જઠરાગ્નિને મંદ - પાડવાના કારણે ભૂખ લાગતી નથી, તો ક્યારેક વધારે ભૂખ લગાડે છે ! ક્યારેક તાવથી પીડાદાયક બની જાય છે. કાર્મણ શરીરની વાત કરું તો તેમાં શુભ (પુણ્ય) કર્મ તો શોધ્યુંય ન જડે એવી મારી હાલત છે. તેના જ યોગે વારંવાર - સતત આર્તધ્યાન - રૌદ્રધ્યાનનો ભોગ બની જાઉં છું. એમાંય જીવોને, નિમિત્ત બનનારને દોષિત માની તેમના ઉપર દ્વેષાદિ દુર્ભાવોને ધારણ કરી નવાં નવાં અશુભ - પાપકર્મોને ઉપાર્જી લઉં છું. ચીંકણાં કર્મો બાંધી મારા જ ભવિષ્યને ધૂંધળું બનાવી દઊં છું !

સામા માણસનું અહિત થાય કે ન થાય, મારું તો એમાં અહિત થાય જ છે. આ સમજણ પણ ગુમાવી દઉં છું. સમજણ ક્યારેક આવી જાય તો વિવેક ચૂકી જાઉં છું. આવી મારી ખામીઓ કોની સામે રજૂ કરું ? મારી સ્થિતિ અરણ્ય-રુદન જેવી છે. નિર્જન જંગલમાં મારા રડવાનો અવાજ કોણ સાંભળે ? હા, તું તો એવો ત્રિકાળ - ત્રિલોક જ્ઞાની છે, સાથે કરુણાનિધાન છે, તેથી તારા ઉપરનાં શ્રદ્ધા - વિશ્વાસથી, તારી પાસે રડવાનું મુનાસિબ માન્યું છે. માને શારીરિક - માનસિક - આધિભૌતિક - આધિદૈવીક તમામ પીડાથી મુક્ત કરો. સમગ્ર વિશ્વના તમામ જીવો કરતાં તારી તાકાત, તારું સામર્થ્ય અતિશય વધારે છે. મારી પ્રાર્થનાને તું ઠુકરાવવાનો તો નથી જ... કાશ ! મારા રુદનવગર, મારા કહ્યા વિના, મારા ઈશારા વગર પણ તું મારી બધી જ હકીકત અને મારી સર્વ સહ્ય - અસહ્ય પીડાઓ - વ્યથાઓને તું જાણે જ છે.. તેથી મારે વધારે કહેવાની જરૂર નથી.

**(ક્રમશઃ) ધ**

## ★ પત્રના સથવારે પ્રેરણા ★★★

શ્રીમતી લીલાવતીબેન શાંતિલાલ શ્રોફ વિહારધામ,
અસુરિયા

વિ.સં.૨૦૭૯
મહા સુ.૯



**આચાર્ય વિજયભવ્યદર્શન સૂરિ તરફથી,**

ધર્માનુરાગી સુશ્રાવક પ્રકાશભાઈ આદિ પરિવાર યોગ્ય ધર્મલાભ.
દેવ-ગુરુપસાયે સુખશાતા છે.

તમે લગભગ ૬૦૦ ભાગ્યશાળીઓને સમેત શિખરજી આદિ કલ્યાણક ભૂમિઓની યાત્રાએ લઈ જઈ રહ્યા છો, તે જાણ્યું.

વાસ્તવિક તીર્થયાત્રા તો છ'રી' ના પાલનપૂર્વક જ થવી જોઈએ. એ શક્ય ન જ હોય તો પાદચારી સિવાયની પાંચ 'રી' ના પાલન સાથે તીર્થયાત્રા કરવી-કરાવવી જોઈએ. તમારા પૂ.પિતાશ્રી ચુનીલાલજીએ રોહિડાથી સિદ્ધગિરિનો છ'રી'પાલક સંઘ-મારા પૂ.ગુરુદેવ આ.ભ. વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં વિ.સં.૨૦૩૩ માં કાઢ્યો હતો. રોહિડા ગામમાં પાંચ દિ'નો મહોત્સવ સંઘના ૪૫ દિવસ અને ગિરિરાજની નિશ્રામાં પાંચ દિ'નો મહોત્સવ, મળી ૫૫ દિવસનો એ શાસન પ્રભાવક કાર્યક્રમ થયેલો, તેમાં અભિગ્રહ ગ્રહણ કરનારા સેવંતીલાલ કેશવલાલ શેઠે (જૂના ડીસાવાળાએ અભિગ્રહ પૂરો કરવા મારા જ ગુરુદેવની નિશ્રામાં લગભગ સં.૨૦૩૯ માં ડીસાથી શંખેશ્વરનો છ'રી' પાલક સંઘ કાઢ્યો હતો.

તમે પણ એક સુંદર સુકૃત કરી રહ્યા છો. તેમાં કમ સે કમ રાત્રિભોજન, અભક્ષ્યભક્ષણ વગેરે બિલકુલ ન જ થાય, યથાશક્ય સામાયિક - પ્રતિક્રમણાદિ થાય, જિનભક્તિને વિશેષ મહત્ત્વ અપાય એવું આયોજન કરશો. તો જિનાજ્ઞાના પાલન સાથે આ યાત્રા પાપના નાશ અને પુણ્યની વૃદ્ધિ સાથે ભવનિસ્તારક બનશે. તારે તે તીર્થ અને ભવયાત્રા (સંસાર પરિભ્રમણ) થી મુક્તિ આપે તે તીર્થયાત્રા; આ વાતને ધ્યાનમાં રાખી સુકૃત કરશો.

સાથે કોઈ સારા જાણકાર હોય તો તીર્થ અને તીર્થયાત્રા, જિનભક્તિ વગેરે વિષયો પર સૌને સમજણ - જ્ઞાન આપે એવું આયોજન કરી શકાય. એમ કરવાથી યાત્રા; યાત્રિકોનાં દિલમાં અમીટ છાપ ઊભી કરશે. લાભનું કારણ બનશે. અમને પણ દરેક તીર્થોની યાત્રામાં યાદ કરશો.

ભરૂચમાં ભરતભાઈ શ્રોફ મળવા આવેલા. પ્રવીણભાઈ તો મુંબઈ માટે નીકળી ગયા હોવાથી ન મળી શક્યા. ગુરુકૃપાથી વિહાર સારી રીતે થઈ રહ્યો છે. 'વંદન' બિલ્ડીંગના જિનાલયની પ્રતિષ્ઠાનું મંગલ લઈ મુંબઈથી નીકળ્યાને આજે ૪૦ મો દિવસ છે. લગભગ સત વિહાર ચાલુ છે. યાત્રાના પ્રસ્થાન સમયે બધાને શ્રીપાર્શ્વનાથ ભગવાનના સ્મરણ સાથે મંગલ જાપ કરાવશો. જાપનો કાગળ સાથે મોકલ્યો છે. શ્રાવિકા વગેરે સૌને ધર્મલાભ જણાવશો **દ. ભવ્યદર્શનસૂ.ના ધર્મલાભ...**

## ★ સુકૃતાનુમોદન ★★★

**સંકલન**

છાણી ગામમાં ચાર દિવસની સ્થિરતા થઈ. તે દરમિયાન ભૂતપૂર્વ પ્રમુખ મુકેશભાઈ રમણલાલને ત્યાં ચતુર્વિધ શ્રીસંઘનાં પગલાં સહિત પ્રવચનાદિ થયેલ, તે જ રીતે ત્રીજે દિવસે તેમના જમાઈ ધવલકુમાર સુરેશભાઈ પટેલને ત્યાં પગલાં-પ્રવચનાદિ થયેલ. ત્યાં તેમના સુપુત્ર દીક્ષાર્થને ગુરુદેવને વહોરાવ્યો હતો.

મહા વ.૭ ના સવારે છાણીથી વિહાર કરી ૐકાર તીર્થ, હર્ષ-કળશ (અડાસગામ) થઈ પૂ.ગુરુદેવ નાપાડ પધાર્યા. નાપાડમાં દોઢ દિવસ સ્થિરતા કરી. નાપાડ પૂ.ગુરુદેવની જન્મભૂમિ છે. પૂ.ગુરુદેવશ્રીના સંસારી પિતાજી પ્રવીણભાઈ (ઉ.વ.૮૮), ભાઈ તથા ભાભી ત્યાં રહે છે. સાંજે વિહાર કરી દેહમી ગામે સંથારો કરી સવારે બોરસદ પધાર્યા.

શામળા પાર્શ્વનાથ જિનાલયથી સામૈયુ ગોઠવાયુ હતું. ત્યાં પૂ.ગુરુદેવ જિનાલય જુહારી બહાર પધાર્યા. રંગોળીઓ-ગહુંલીઓથી આંગણાં-રોડ સજાવ્યાં હતાં. ત્યાં પણ કિરીટભાઈ જીવણલાલ શાહ પરિવાર તરફથી પ્રભાવના અપાઈ. અનેક સૌભાગ્યવંતી બહેનોએ કુંભનાં શુકન આપ્યા. સામૈયું શરૂ થયું. રાજમાર્ગો પર ફરી શાંતિનાથની ખડકીના ઉપાશ્રયે પધાર્યા. ત્યાં પ્રવચન, ૧૫૦ રૂા. નું સંઘપૂજનાદિ થયેલ. એ જ દિવસે કુંભસ્થાનાદિ તથા પાટલા પૂજન થયા બાદ શ્રી સંઘ સાધર્મિકવાત્સલ્ય સ્વ.કિરીટભાઈ જીવણલાલ પરિવાર તરફથી થયેલ.

મહા વ.૧૨-૧૩-૧૪ તા.૧૭-૧૮-૧૯ ફેબ્રુઆરી, શુક્ર-શનિ-રવિ: ત્રણ દિવસનો મહોત્સવ; સ્વ. કિરીટભાઈ જીવણલાલ તથા સ્વ.રેખાબેન કિરીટભાઈના આત્મશ્રેયાર્થે તેમના સુપુત્ર અંકિતભાઈ તરફથી યોજાયો હતો.

મહા વ.૧૩ ના દિવસે બહેનોએ પંચકલ્યાણકની પૂજા ભણાવી. જ્યારે મહા વ.૧૪ ના ત્રીજે દિવસે લઘુ શાંતિસ્નાત્ર ભણાવાયું. સંગીતકાર તરીકે વડતાલથી અજિતનાથ મંડળ પધારેલ. વિધિકાર તરીકે જયેશભાઈ કેશવલાલ અમદાવાદથી પધાર્યા હતા. શાંતિસ્નાત્ર બાદ પ્રભાવના તથા શ્રીસંઘસાધર્મિક વાત્સલ્યનું આયોજન થયેલ. શાંતિસ્નાત્રાદિ પ્રસંગે સમગ્ર જિનાલયનો દિવ્ય-દેવલોક જેવો શણગાર તથા ભવ્ય અંગરચના થયેલ. ત્રણે દિવસ પ્રવચનો તથા સંઘપૂજન થયેલ. મહોત્સવમાં વિશ્વાસભાઈ તથા રક્ષિતભાઈ સાથે હતા.

મહા વ.૦)) તા.૧૯-૨-૨૦૨૩ સોમવારથી રોજ પ્રવચનો ચાલું હતાં. ગુરુ-શુક્રવારે શામળાપર્શ્વનાથ - શ્રીમાળી સંઘમાં પ્રવચનો થયાં. સંઘપૂજનો થયાં.

બોરસદનગરમાં પ્રથમવાર સામુદાયિક વર્ષીતપનું, ત્રણે સંઘોનું સંયુક્ત આયોજન થઈ રહ્યું હોવાથી તેની પ્રેરણા પૂ.ગુરુદેવ આપી રહ્યા હતા. તપમાં જોડાવાની પ્રેરણા આપતાં ઘણા ભાગ્યશાળીઓ જોડાઈ રહ્યા છે.



ફા.સુ. ૬-૭ તા.૨૫-૨૬ શનિ-રવિ : બે દિવસ પૂજ્ય ગુરુદેવ શ્રી સુમતિનાથ જિનાલય - મહાવીર જૈન સંઘમાં પધાર્યા. ત્યાં પણ વર્ષીતપની પ્રેરણા કરી. સંઘપૂજનો ચાલું જ હતાં. વર્ષીતપનો માહોલ જામતો જાય છે.

ફા.સુ.૮ તા.૨૭-૨-૨૦૨૩ સોમવારે આ જ ઉદ્દેશથી પૂજ્યશ્રી ધર્મજ ગામે પધાર્યા. ત્યાં પણ વર્ષીતપની પ્રેરણા કરી. મંગળવારે પરત બોરસદ પધાર્યા. બુધવારનું પ્રવચન બોરસદમાં થયું. ગુરુવારે પૂજ્યશ્રી કાવીઠાગામે પધાર્યા. ત્યાં લગભગ ૧૫૦ થી વધુ ઘરો (પટેલો) જૈનધર્મમાં જોડાયેલા છે. ત્યાંય વર્ષીતપની પ્રેરણા કરી. શુક્રવારથી પરત બોરસદ પધાર્યા ને નિયમિત પ્રવચનો ચાલુ થયાં.

એમાં ફા.સુ.૧૪ તા.૬-૩-૨૦૨૩ સોમવાર (ચોમાસી ચૌદસ) ના દિને પૂ.પ્રવચન પ્રભાવક આ.ભ. શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજા આદિ ૩૦ ગુરુભગવંતોની સામૈયા સાથે પધરામણી થઈ. પૂ.આ.ભ. શ્રી ભવ્યદર્શન સૂરીશ્વરીશ્વરજી મ. તથા પ્રવચનપ્રભાવકશ્રીનાં પ્રવચનો થયાં. લગભગ સવારે ૧૦ થી ૧૨ કલાક સુધી પ્રવચન ચાલ્યાં. ત્યારબાદ શ્રીસંઘ તરફથી ૫૦ રૂ.નું સંઘપૂજન તથા સંઘ - સાધર્મિક વાત્સલ્ય થયું.તે દિવસે બપોરે દેવવંદનમાં રૂ.૫૦ ની તથા પ્રતિક્રમણમાં રૂ.૭૦ ની પ્રભાવના આપવામાં આવેલ. બીજે દિવસ પ્રવચન પ્રભાવકશ્રીજી પેટલાદ પધાર્યા હતા.

બોરસદમાં પૂ.ગુરુદેવનાં પ્રવચનો ચાલું જ હતાં. વર્ષીતપની ધારાબદ્ધ પ્રેરણા ચાલું હતી. વર્ષીતપની તડામાર તૈયારીઓ થઈ રહી છે. આયોજકો - લાભાર્થીઓ વગર નામે પૈસા ખર્ચી રહ્યા છે !! બધાય મોટા દાતાઓ ગુપ્ત રહેવા માંગે છે.

જૈનવાડીમાં સવારનાં બિયાસણાં સમૂહમાં કરાવાશે. પીરસવા માટે ભાડુતી માણસો નથી બોલાવાયા. શ્રી સંઘના ભાગ્યશાળી ભાઈ - બહેનો જ ભક્તિ કરવા (પીરસવા) પધારશે.તેમને નવકારશી પણ ત્યાં જ કરાવાશે. જૈનવાડીને 'અયોધ્યાનગરી'નું સ્વરૂપ અપાયું છે. ભક્તિ કરનારા ભાગ્યશાળીઓને 'વર્ષીતપ શ્રેયાંસકુમાર પરિવાર' નામ અપાયું છે. બધાને ઉત્સાહ ખૂબ જ છે.

ફા.વ.૬ તા.૧૩-૩-૨૩ સોમવારે બપોરે ૪-૩૦ કલાકે તમામ તપસ્વીઓનાં સામુદાયિક ઉત્તરપારણાં કરાવાયાં હતાં. ત્યારબાદ થાળી-૧, વાટકી-૩, ડીસ-૧, ગ્લાસ-૧, ચમચી-૧ તથા ઉકાળેલા પાણીની બોટલ અને બે નેપકીન વગેરેની કીટ સૌને આપવામાં આવી હતી. માહોલ સુંદર જામ્યો હતો.

ફા.વ.૭ તા.૧૪-૩-૨૦૨૩ મંગળવારે સવારે ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં ચૌમુખ ભગવાનને પ્રદક્ષિણા વગેરે માંગલિક કરી સૌને છટ્ઠનાં પચ્ચક્ખાણ કરાવાયાં હતાં. સૌએ તપસ્વીઓને અક્ષતથી વધાવ્યા હતા. ત્યાંથી (વાડીથી) વાજતે ગાજતે શ્રી આદિનાથ જિનાલય પધાર્યા. ત્યાં સામુદાયિક ચૈત્યવંદન તથા વિધિ કરાવેલ. ત્યારબાદ સ્થાપના તળેટીની સ્પર્શના કરી સૌ વિદાય થયા.

(ક્રમશઃ) ધ

## પ્રત્યુપકાર ન કરે તે પશુ સમાન

**न ये प्रागुपकारिभ्यः,**

**प्रीत्या प्रत्यपकारकाः ।**

**पुरुषा परुषास्तेभ्यो,**

**धन्यान्मन्यामहे पशून् ।।**

જેઓએ પૂર્વે ઉપકાર કર્યો હોય તેનો પ્રીતિ પૂર્વક પ્રત્યુપકાર ન કરે તેઓ કઠોર (નિર્દય-નિષ્ઠુર) છે. તેના કરતાં તો અમે પશુઓને ધન્ય માનીએ છીએ.